# આત્મધર્મ

માસિક : વર્ષ-૧ * અંક-૧૦ * જૂન, ૨૦૦૭



ભાઈ! શુદ્ધચેતનાપરિણામની પરંપરા તે જ તારા આત્માની પદ્ધતિ છે, તેમાં જ તારા આત્માનો અધિકાર છે. વિકારની પરંપરામાં આત્માનો અધિકાર નથી એટલે કે આત્માના સ્વભાવમાં વિકારનું સ્વામિત્વ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ એક તીર્થથી બીજા તીર્થમાં ભ્રમણ કરનાર જીવ માત્ર દેહને સંતાપ કરે છે; પણ આત્મામાં આત્માને ધ્યાવતાં તે નિર્વાણપદને પામે છે. તેથી આત્માને ધ્યાવીને તું નિર્વાણમાં પગ માંડ! ૯૭૯. *(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૭૮)*

❀ ઈસ સંસારમેં પરમ સુખ ક્યા હૈ? તો વહ એક ઈચ્છારહિતપના હૈ તથા પરમ દુઃખ ક્યા હૈ? તો વહ ઈચ્છાઓંકા દાસ હો જાના હૈ. ઐસા મનમેં સમજકર જો પુરુષ સર્વસે મમતા ત્યાગકર જિનધર્મકો સેવન કરતે હૈં વે હી પુણ્યાત્મા વ પવિત્ર હૈં. શરીર વ શરીરકે સંબંધિયોંકે સંબંધમેં ચિંતા કરના ઈચ્છાઓંકો પૈદા કરનેકા બીજ હૈ. ઈનસે મોહ ત્યાગના હી ઈચ્છાઓંકો મિટાનેકા બીજ હૈ. ૯૮૦.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૪)*

❀ ગુરુજનોંકે (બડોંકે) નિકટ રહને તથા ઉનકી સેવા કરનેસે યહ લોક પરલોક સુધરતા હૈ, અપને પરિણામ શુદ્ધ રહતે હૈં, વિદ્યા-વિનયાદિક બઢતે હૈં ઔર માન-કષાયકી હાનિ ઈત્યાદિ ગુણ હોતે હૈં. ૯૮૧. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૧)*

❀ હે યોગી! એક અપને આત્માકે જાનનેસે યહ તીન લોક જાના જાતા હૈ ક્યોંકિ આત્માકે ભાવરૂપ કેવલજ્ઞાનમેં યહ લોક પ્રતિબિંબિત હુઆ બસ રહા હૈ. ૯૮૨.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા-૯૯)*

❀ સ્વામીના કાર્યમાં ઉત્તમસેવકની માફક સિદ્ધપ્રતિમા, જિનબિંબ, જિનમંદિર, ચાર પ્રકારના સંઘમાં તથા શાસ્ત્રમાં જે દાસત્વભાવ રાખવો, એ જ સમ્યગ્દૃષ્ટિનો વાત્સલ્ય નામનો અંગ એટલે ગુણ છે. ૯૮૩. *(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૮૦૩)*

❀ કામકે સમાન રોગ નહીં હૈ, મોહકેં સમાન શત્રુ નહીં હૈ, ક્રોધકે સમાન અગ્નિ નહીં હૈ, જ્ઞાનકે બરાબર સુખ નહીં હૈ. ૯૮૪. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૭)*

❀ તું નિશ્ચયથી માન કે આ શરીર એક દુષ્ટ શત્રુના જેવું છે. શત્રુ જેમ હાથમાંથી છૂટ્યા પછી ફરી કાબુમાં આવવો અત્યંત મુશ્કેલ છે, તેમ એ મનુષ્યશરીર પણ એકવાર અબોધ પરિણામે છૂટ્યા પછી હાથમાં આવવું મુશ્કેલ છે. આત્મબોધ શરીરને કાબુમાં રાખવાનો એક અમોઘ મંત્ર છે. વળી આ શરીર, તે આત્મબોધથી વંચિતપણે છૂટ્યા પછી એટલું જ્ઞાનબળ તારી પાસે નહિ રહે કે જેથી તું ફરી એને તારે વશ કરી શકે! તેથી જ આ અમૂલ્ય અવસરે તેની તારા ઉપરની સત્તાને નિર્મૂળ કર! ૯૮૫.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૯૪)*

❀

વર્ષ-૧
અંક-૧૦

સંવત
૨૦૬૩
June
A.D. 2007




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# કારણશુદ્ધપર્યાય

## ટીકાકારની શૈલીમાંથી કારણશુદ્ધપર્યાયનો ધ્વનિ

[શ્રી 'નિયમસાર' ગાથા-૯ તથા તેની ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(ગતાંકથી ચાલુ પ્રવચન નં. ૩)

**जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।**
**तत्त्वत्था इदि भणिदा णाणागुणपज्जएहिं संजुता॥९॥**

જીવદ્રવ્ય, પુદ્‌ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ–એ
ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.

અન્વયાર્થ : જીવો, પુદ્‌ગલકાયો, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ—એ તત્ત્વાર્થો કહ્યા છે, કે જેઓ વિવિધ ગુણપર્યાયોથી સંયુક્ત છે.

શ્રી 'નિયમસાર'ની આ નવમી ગાથામાં છ દ્રવ્યોનું કથન છે; તેમાંથી જીવનું વર્ણન કરતાં ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે—

**(૧) ....''શુદ્ધ–સદ્‌ભૂત–વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે.**

**(૨) અશુદ્ધ–સદ્‌ભૂત–વ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધ જીવ' છે.**

**(૩) શુદ્ધનિશ્ચયથી સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે 'કારણશુદ્ધ જીવ' છે.''**

અહીં, પહેલા બોલમાં 'કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણો' કહેતાં શુદ્ધપર્યાયો છે.

એ જ પ્રમાણે બીજા બોલમાં 'મતિજ્ઞાનાદિ વિભાવગુણો' કહ્યાં તે પણ પર્યાયો છે.

એ જ રીતે ત્રીજા બોલમાં 'સહજ જ્ઞાનાદિ પરમસ્વભાવગુણો' કહ્યાં તેમાં પણ પર્યાયનો જ ધ્વનિ લાગે છે.

'સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણો' કહેતાં સહજજ્ઞાનાદિ પરમસ્વભાવ પર્યાય એટલે કે 'કારણશુદ્ધપર્યાય' એવો ધ્વનિ છે. તે કારણશુદ્ધપર્યાયનો આધાર હોવાથી આત્મા 'કારણશુદ્ધ જીવ' છે.

—આ રીતે ત્રણે બોલમાં 'ગુણ' કહેતાં 'પર્યાય' છે.

પર્યાયને 'ગુણ' શબ્દથી પણ ઘણીવાર કહેવામાં આવે છે. જેમ કે સિદ્ધદશામાં સમ્યક્ત્વાદિ આઠ શુદ્ધપર્યાયો પ્રગટી હોવા છતાં તેને આઠ ગુણો તરીકે કહેવાય છે. એ રીતે પર્યાયને 'ગુણ' કહેવાની આ ટીકાકારની ખાસ શૈલી છે.

હવેની ગાથાઓમાં (ગાથા ૧૦થી ૧૫મા) 'કારણશુદ્ધપર્યાય'ની જે વાત સ્પષ્ટપણે વર્ણવવાના છે તેની આગાહી અહીં મૂકી દીધી છે.

ટીકાકારની સામાન્ય શૈલી એવી છે કે 'અર્થપર્યાય'ને માટે 'ગુણ' શબ્દ વાપરે છે ને 'વ્યંજનપર્યાય'ને માટે 'પર્યાય' શબ્દ વાપરે છે. અહીં જીવના ગુણ-પર્યાયો વર્ણવે છે તેમાં પણ એ જ શૈલી લીધી છે.

''આ (જીવ) ચેતન છે; આના (જીવના) ચેતન ગુણો છે. આ અમૂર્ત છે; આના અમૂર્ત ગુણો છે.'' આટલી વાત તો ગુણની જ છે. હવે પર્યાયની વાત કરે છે :

''આ શુદ્ધ છે; આના શુદ્ધ ગુણો છે. આ અશુદ્ધ છે; આના અશુદ્ધ ગુણો છે.''— આમાં ગુણ કહેતાં 'અર્થપર્યાય'ની વાત છે. શુદ્ધ ગુણો કહેતાં 'શુદ્ધ અર્થપર્યાયો' સમજવી અને અશુદ્ધ ગુણો કહેતાં 'અશુદ્ધ અર્થપર્યાયો' સમજવી. ગુણો કાંઈ અશુદ્ધ ન હોય. શુદ્ધ જીવની અર્થપર્યાયો શુદ્ધ છે ને અશુદ્ધ જીવની અર્થપર્યાયો અશુદ્ધ છે.

કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના આધારભૂત જીવને કાર્યશુદ્ધ જીવ કહ્યો છે, તે શુદ્ધ જીવની કેવળજ્ઞાનાદિ અર્થપર્યાયો શુદ્ધ છે અને મતિજ્ઞાનાદિ વિભાવગુણોના આધારભૂત

જીવને અશુદ્ધ જીવ કહ્યો છે, તે અશુદ્ધ જીવની અર્થપર્યાયો અશુદ્ધ છે.

—આ રીતે અહીં શુદ્ધ કે અશુદ્ધ ગુણો કહેતાં શુદ્ધ કે અશુદ્ધ 'અર્થપર્યાયો' સમજવી.

પછી કહે છે કે "પર્યાય પણ એ પ્રમાણે છે." અહીં પર્યાય કહેતાં 'વ્યંજનપર્યાય' સમજવી.

જેમ અર્થપર્યાયો શુદ્ધ ને અશુદ્ધ—એમ બે પ્રકારે છે, તેમ વ્યંજનપર્યાયો પણ શુદ્ધ તેમ જ અશુદ્ધ—એમ બે પ્રકારે છે. તેમાંથી જે જીવને જે પ્રકાર યોગ્ય હોય તે સમજી લેવો.

અહીં 'વ્યંજનપર્યાય' છે એટલી સામાન્ય વાત લીધી; પણ 'શુદ્ધ જીવને શુદ્ધ વ્યંજનપર્યાય છે' એમ ન કહ્યું; કેમ કે શ્રી અરિહંત ભગવાન કાર્યશુદ્ધ જીવ છે તેમને શુદ્ધ અર્થપર્યાય હોવા છતાં વ્યંજનપર્યાય શુદ્ધ નથી, એટલે 'શુદ્ધ જીવને શુદ્ધ પર્યાય (—વ્યંજનપર્યાય) છે' એ વાત લાગુ નથી પડતી.

અહીં પર્યાય કહેતાં 'વ્યંજનપર્યાય'ની અપેક્ષા છે, તેથી 'શુદ્ધ જીવની પર્યાય શુદ્ધ છે' એમ ન લેતાં "પર્યાય પણ એ પ્રમાણે છે" એમ સામાન્ય કથન લીધું.

શ્રી સિદ્ધભગવંતોને શુદ્ધ વ્યંજનપર્યાય છે; ને સંસારીજીવોને અશુદ્ધ વ્યંજનપર્યાય છે; એ રીતે, જેને જે યોગ્ય હોય તેને તે પર્યાય સમજવી.

શ્રી સિદ્ધભગવંતોને અર્થપર્યાય શુદ્ધ છે ને વ્યંજનપર્યાય પણ શુદ્ધ છે. શ્રી અરિહંતભગવંતોને અર્થપર્યાય (—કેવળજ્ઞાન વગેરે) શુદ્ધ છે ને વ્યંજનપર્યાય અશુદ્ધ છે.

અહીં ખાસ એ બતાવવું છે કે જેમ 'શુદ્ધ ગુણો' કે 'અશુદ્ધ ગુણો' કહેવામાં શુદ્ધ અર્થપર્યાયો ને અશુદ્ધ અર્થપર્યાયો બતાવવાનો ટીકાકારનો ધ્વનિ છે, તેમ 'સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણો' એમ કહેવામાં 'કારણશુદ્ધપર્યાય' બતાવવાનો ટીકાકાર મુનિરાજનો ધ્વનિ છે.

અહો! શ્રી મુનિરાજે ટીકામાં ઘણાં ઊંડા રહસ્યો ભર્યા છે. "णाणागुणपज्ञएहिं संजुत्ता" એટલે કે 'જેઓ (તત્ત્વાર્થો) વિવિધ ગુણપર્યાયોથી સંયુક્ત છે'—એમ મૂળ સૂત્રમાં કહ્યું છે, તેમાંથી અદ્‌ભુત ટીકા કરી છે!

સહજસ્વભાવગુણ એટલે કે સહજભાવરૂપ કારણશુદ્ધપર્યાય, તેને સદાય આધાર

હોવાથી આત્મા 'કારણશુદ્ધ જીવ' છે, તેને જ 'કારણપરમાત્મા' પણ કહેવાય છે.

આ 'કારણશુદ્ધ જીવ'ની ભાવનાથી 'કાર્યશુદ્ધ જીવ' થવાય છે. 'ભાવના' એટલે એકાગ્રતા અથવા આશ્રય. કારણપરમાત્માનો આશ્રય કરતાં કેવળજ્ઞાનરૂપી પરમાત્મદશા પ્રગટી જાય છે, તે કાર્યપરમાત્મા છે.

શ્રદ્ધા-પર્યાયે કારણપરમાત્માનો આશ્રય કરીને, તેમાં એકાગ્રતા કરતાં સમ્યગ્દર્શન થયું; જ્ઞાન-પર્યાયે અંતર્મુખ થઈને કારણપરમાત્માનો આશ્રય કરતાં સમ્યગ્જ્ઞાન થયું; ચારિત્ર-પર્યાયે કારણપરમાત્માની ભાવના કરીને, તેમાં એકાગ્ર થતાં સમ્યક્ચારિત્ર થયું;—તેનું ફળ મોક્ષ છે. આ રીતે કારણપરમાત્માની જ ભાવનાથી કાર્યપરમાત્મા થવાય છે. બીજું કોઈ તેનું કારણ નથી.

ત્રિકાળી શક્તિ-અપેક્ષાએ બધા જીવો સિદ્ધસમાન શુદ્ધ પરમાત્મા છે, તેથી બધા જીવો કારણપરમાત્મા છે...પરમાત્મા થવાનું કારણ શક્તિપણે બધા જીવોમાં પડ્યું છે. તે કારણનું ભાન કરીને, તેના અવલંબને જે જીવ શુદ્ધ પરમાત્મદશા પ્રગટ કરે તે જીવને કાર્યપરમાત્મા કહેવાય છે.

ત્રીજી ગાથામાં મોક્ષમાર્ગની (-કાર્યનિયમની) વાત હતી, તેથી ત્યાં મોક્ષમાર્ગના કારણ તરીકે 'કારણનિયમ'ના વર્ણનમાં 'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ' લીધા હતા. અહીં પૂરી શુદ્ધપર્યાયની (અર્થાત્ કાર્યશુદ્ધ જીવની) વાત છે, તેથી તેના કારણ તરીકે 'કારણશુદ્ધ જીવ' લીધો છે.

સાતમી ગાથામાં કાર્યપરમાત્માની વાત હતી, ત્યાં પણ તેના આધાર તરીકે 'કારણપરમાત્મા'ની વાત લીધી હતી.

ત્રીજી ગાથામાં મોક્ષમાર્ગના કારણનું વર્ણન હતું ને અહીં મોક્ષના કારણનું વર્ણન છે એટલે ટીકાકારે જરાક શૈલી ફેરવી છે. એકમાં ગુણના શુદ્ધ પરિણામ (-કારણ-શુદ્ધપર્યાય)ની વાત લીધી છે ને બીજામાં સમુચ્ચયપણે આખા દ્રવ્યના કારણશુદ્ધપરિણામની વાત લીધી છે. પણ છે તો બધું અભેદ.

નિર્મળપર્યાય પ્રગટવામાં કાંઈ દ્રવ્ય, ગુણ ને કારણશુદ્ધપર્યાય એ ત્રણેનું જુદુંજુદું અવલંબન નથી, એકાકાર અભેદ દ્રવ્યના અવલંબનમાં એ ત્રણેય સમાઈ જાય છે.

જુઓ! આ જીવદ્રવ્યનું વર્ણન!! જીવના દ્રવ્ય-ગુણ-પર્યાયનું અદ્ભુત વર્ણન કર્યું છે!

શ્રી 'સમયસાર'ની બીજી ગાથામાં "જીવો...." શબ્દ છે, તેની ટીકામાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે સાત બોલથી જીવનું સ્વરૂપ અલૌકિક રીતે વર્ણવ્યું છે. તેમ અહીં પણ આ ગાથામાં "જીવા" શબ્દ છે, તેની ટીકામાં શ્રી પદ્મપ્રભમુનિરાજે જીવનું અલૌકિક વર્ણન બીજી જ શૈલીથી કર્યું છે.

આ વાત ઝીણી તો છે. આત્મા પોતે ઝીણો (—અતીન્દ્રિય સ્વભાવી) છે. એટલે તેની સમજણ પણ ઝીણી જ હોય. છતાં તે સમજવાનું સામર્થ્ય આત્મામાં ભર્યું છે.

પુણ્ય-પાપના ભાવો સ્થૂળ છે. તે સ્થૂળ ભાવો તો અનાદિકાળથી જીવ કરતો જ આવ્યો છે. તેમાં કાંઈ હિત નથી. પુણ્ય-પાપથી પાર અતીન્દ્રિય આત્મસ્વભાવની સમજણ કરવી, તે અપૂર્વ છે ને તેમાં જ આત્માનું હિત છે.

ભાઈ! તારું સ્વરૂપ કેવું છે?-તેની જ આ વાત છે. જો પોતે સમજવા માંગે, તો પોતાનું સ્વરૂપ પોતાને ન સમજાય—એમ કેમ બને? જેને પોતાના આત્માની ખરેખરી દરકાર હોય, તેને પોતાના આત્માનું સ્વરૂપ સમજાયા વગર રહે જ નહિ. આત્માને જાણવાની ખરી દરકાર કદી જાગી નથી, તેથી તે અઘરું લાગે છે.

શ્રી મુનિરાજ તો કહે છે કે ભવ્યજીવોના કાનમાં અમૃત રેડનારી આ વાત છે!! આ વાત સમજે તો આત્માના અતીન્દ્રિયાનંદરૂપી અમૃતનો અનુભવ થાય!

શ્રી સર્વજ્ઞભગવાને કેવળજ્ઞાનમાં વિવિધ ગુણપર્યાયોથી સંયુક્ત છ જાતનાં દ્રવ્યો જોયાં છે; તેમાંથી જીવના વિવિધ ગુણપર્યાયો બતાવીને જીવનું સ્વરૂપ ઓળખાવ્યું. જીવનું આવું સ્વરૂપ ઓળખે તેને પોતાના કારણપરમાત્મસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શનાદિ થયા વિના રહે નહિ.

જીવ સિવાયનાં બીજાં પાંચ અજીવદ્રવ્યો છે. તેઓ પણ પોતપોતાના વિવિધ ગુણપર્યાયોથી સંયુક્ત છે.

"....જે ગલન–પૂરણસ્વભાવ સહિત છે (અર્થાત્ છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે) તે પુદ્ગલ છે. આ (પુદ્ગલ) શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે; આના મૂર્ત ગુણો છે. આ અચેતન છે; આના અચેતનગુણો છે."

જુઓ! અહીં પુદ્ગલના વર્ણનમાં પણ પર્યાયને 'ગુણ' તરીકે કહેલ છે. જેમ જીવના વર્ણનમાં મતિજ્ઞાનાદિ પર્યાયોને 'વિભાવગુણ' કહ્યા, કેવળજ્ઞાનાદિ પર્યાયોને 'શુદ્ધગુણ' કહ્યા;

તેમ આ પુદ્‌ગલના વર્ણનમાં પણ 'વર્ણોના આધારભૂત મૂર્ત છે' એમ 'ગુણ'ની વાત ન લીધી પણ 'શ્વેતાદિ ગુણોના આધારભૂત મૂર્ત છે' એમ કહીને 'પર્યાય'ની વાત લીધી. શ્વેતપણું વગેરે ગુણ નથી પણ વર્ણ ગુણની પર્યાય છે. આ રીતે પુદ્‌ગલને પર્યાયના આધારભૂત મૂર્ત કહ્યું. તેમ જીવમાં પણ 'સ્વભાવગુણોના આધારભૂત' કહેતાં 'સ્વાભાવિક કારણશુદ્ધપરિણતિના આધારભૂત' એમ સમજવું. આ રીતે, સ્વભાવમાં કે વિભાવમાં અર્થપર્યાયને 'ગુણ' કહેવાની ટીકાકારની શૈલી ચાલી આવે છે.

ટીકાકાર મહાસમર્થ વીતરાગી સંત છે, આત્માના અનુભવના ઊંડાણમાંથી આ ટીકાના ભાવો કાઢ્યા છે. ટીકાકારના હૃદયનો મૂળ આશય શું છે?—તે સમજવું જોઈએ.

જીવ અને પુદ્‌ગલના ગુણપર્યાયોની વાત કરી. હવે બાકીના ચાર દ્રવ્યોની વાત કરે છે—

"સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ (દ્રવ્ય) છે.

સ્વભાવસ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોને સ્થિતિનું નિમિત્ત તે અધર્મ (દ્રવ્ય) છે.

(બાકીનાં) પાંચ દ્રવ્યોને અવકાશદાન (–અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ (દ્રવ્ય) છે.

(બાકીનાં) પાંચ દ્રવ્યોને વર્તનનું નિમિત્ત તે કાળ (દ્રવ્ય) છે."

અહીં ધર્મદ્રવ્ય વગેરેના વર્ણનમાં જે નિમિત્તપણું બતાવ્યું, તેમાં પણ પર્યાયની વાત છે; કેમકે નિમિત્તપણું પર્યાયમાં વર્તે છે.

ગતિ વગેરે ક્રિયામાં ધર્માસ્તિકાય વગેરે ત્રિકાળી દ્રવ્ય નિમિત્ત નથી પણ તેની તે તે સમયની પર્યાય નિમિત્તરૂપ છે; ને આ અર્થપર્યાયો છે.

"(જીવ સિવાયના) ચાર અમૂર્ત દ્રવ્યોના (–ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યોના) શુદ્ધ ગુણો છે; તેમના પર્યાયો પણ તેવા (શુદ્ધ જ) છે." અહીં પર્યાય કહેતાં વ્યંજનપર્યાય સમજવી.

—આ રીતે ટીકાકારની શૈલી જોતાં, જીવને 'સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર' કહેવામાં 'કારણશુદ્ધપર્યાય'નો જ ધ્વનિ ઊઠે છે.

કારણશુદ્ધ જીવમાં, ધર્માસ્તિકાય વગેરે ચાર દ્રવ્યોની માફક, સહજશુદ્ધપરિણતિ ત્રિકાળ પારિણામિકભાવે પરિણમી રહી છે તેને સ્પષ્ટપણે 'કારણશુદ્ધપર્યાય' તરીકે આ 'નિયમસાર'માં વર્ણવી છે. આગળની, ૧૦ થી ૧૫ ગાથાઓમાં તે વાત ઘણી સ્પષ્ટપણે આવશે.

જીવાદિ છ દ્રવ્યોના ગુણપર્યાયોનું વર્ણન કરીને તેના ઉપર કળશ ચઢાવતાં ટીકાકાર કહે છે કે—

[શ્લોકાર્થ :] એ રીતે ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્નને—કે જે (રત્ન) તેજના અંબારને લીધે કિરણોવાળું છે અને જે જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં રહેલું છે તેને જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં ભૂષણાર્થે (શોભા માટે) ધારણ કરે છે તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ જે પુરુષ અંતરંગમાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરે છે, તે મુક્તિલક્ષ્મીને વરે છે). ૧૬.

આ છ દ્રવ્યના સમૂહરૂપી રત્ન છે. તે કિરણોવાળાં છે એટલે કે પોતપોતાની પર્યાયો વડે છએ દ્રવ્યો શોભી રહ્યાં છે. આ છ દ્રવ્યના સમૂહરૂપી રત્ન શ્રી જિનેન્દ્રદેવના માર્ગરૂપી સમુદ્રની મધ્યમાં રહેલું છે. જિનપતિના માર્ગને અહીં દરિયાની ઉપમા આપી છે. શ્રી જિનેન્દ્રદેવનો માર્ગ દરિયા જેવો ગંભીર અને ઊંડો છે. તેમાં જ છ દ્રવ્યના ગુણપર્યાયોનું યથાર્થ વર્ણન છે. બીજે ક્યાંય છ દ્રવ્યોનું યથાર્થ વર્ણન હોતું નથી. જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ આ રત્નને હૃદયમાં શોભા માટે ધારણ કરે છે તે જીવ મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે. તીક્ષ્ણ બુદ્ધિ વડે એટલે કે સ્વભાવના અતીન્દ્રિયજ્ઞાન વડે જ આ છ દ્રવ્યોના ગુણપર્યાયો જણાય છે ને તેમાં જ આત્માની શોભા છે. આવી તીક્ષ્ણ બુદ્ધિ વડે જે જીવ છ દ્રવ્યોના ગુણપર્યાયને બરાબર જાણે છે, તે જીવ પોતાના ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ કારણપરમાત્મામાં એકાગ્ર થઈને મુક્તિ પામે છે.

—આ પ્રમાણે શ્રી સર્વજ્ઞદેવે છ દ્રવ્યો કહ્યાં છે તેની વાત કરી અને તેને જાણવાનું ફળ બતાવ્યું.

આ 'જીવ અધિકાર' છે, તેથી હવેની ગાથાઓમાં જીવના ઉપયોગ વગેરેનું અદ્ભુત-અલૌકિક વર્ણન કરશે. *(ક્રમશઃ)*

# 'જીવ કર્મનો કર્તા છે' તે લોકના કર્તા વિષ્ણુ જેવી મિથ્યા માન્યતા છે.

(શ્રી સમયસાર નાટક ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં. ૧૨૧)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. તેમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનો ૭મો શ્લોક છે અને તેના ઉપર ૧૦મુ પદ્ય છે.

આ શ્લોકમાં એમ કહેવું છે કે જગતના જીવો જેમ વિષ્ણુને જગતના કર્તા માને છે તેમ જૈનમતી થઈને જે મિથ્યા એકાંતને સેવે છે તે હૃદયના અંધ-મિથ્યાદષ્ટિ છે.

ज्यौं हिय अंध विकल मिथ्यात धर,
मृषा सकल विकलप उपजावत।
गहि एकंत पक्ष आतमकौ,
करता मानि अधोमुख धावत।
त्यौं जिनमती दरबचारित्री,
कर करनी करतार कहावत।
वंछित मुकति तथापि मूढमति,
विन समकित भव पार न पावत॥१०॥

અર્થ :-હૃદયનો અંધ અજ્ઞાની જીવ મિથ્યાત્વથી વ્યાકુળ થઈને મનમાં અનેક પ્રકારના જૂઠા વિકલ્પો ઉત્પન્ન કરે છે અને એકાંત પક્ષનું ગ્રહણ કરીને આત્માને કર્મનો કર્તા માની નીચગતિનો પંથ પકડે છે. તે વ્યવહાર સમ્યક્ત્વી ભાવચારિત્ર વિના બાહ્યચારિત્રનો સ્વીકાર કરીને શુભક્રિયાથી કર્મનો કર્તા કહેવાય છે. તે મૂર્ખ મોક્ષ તો ચાહે છે પરંતુ નિશ્ચય સમ્યક્ત્વ વિના સંસાર-સમુદ્રને તરી શકાતો નથી.

જે જૈનમતી થઈને પણ હૃદયનો અંધ અજ્ઞાની મિથ્યા એકાંતથી રાગનો કર્તા થઈને ખોટા વિકલ્પ ઉપજાવે છે—વિકલ્પ તો કોઈ સાચાં હોય જ નહિ, જૂઠા જ હોય—એકાંતે આત્માને કર્મનો કર્તા માનીને મિથ્યાદષ્ટિ નીચગતિનો પંથ પકડે છે. હું દ્રવ્યચારિત્ર પાળું

છું—એ મારું કાર્ય છે, હું તેનો કર્તા છું–એમ અજ્ઞાની ભાવચારિત્ર વિના એકલા દ્રવ્યચારિત્રને ધારીને કર્મનો કર્તા થાય છે. જ્યાં સુધી જીવ રાગનો કર્તા થાય છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ જ છે, રાગથી રહિત પોતાના ચૈતન્યદેવની દૃષ્ટિ વિના તે ભવના પારને પામતો નથી.

આચાર્ય મહારાજ કહે છે કે અન્યમતી ઈશ્વરને જગતનો કર્તા માને છે અને તું જૈનમતી થઈને શુભક્રિયાનો કર્તા તને માને છે તો એ અને તું બંને એક જાતના મિથ્યાદૃષ્ટિ છો. પંચ મહાવ્રત અઠ્યાવીસ મૂળગુણ, ઉપવાસ આદિ ક્રિયા—શુભરાગની ક્રિયા છે તેનો હું કર્તા છું એમ માનીને મુક્તિને ઈચ્છે છે પણ સમકિત વિના તેને મુક્તિ મળતી નથી.

રાગનો અને આત્માનો સ્વભાવ એક છે એમ માન્યા વિના એ રાગનો કર્તા થઈ શકતો નથી. હું જ્ઞાનાનંદી સ્વભાવી છું એમ એ જાણતો નથી. આ કોઈ કથનશૈલી નથી, વસ્તુનું સ્વરૂપ છે.

સમયસાર કળશમાં કર્તા-કર્મ અધિકારના ૪થા કળશમાં કહ્યું છે કે જીવસત્વથી પુદ્‌ગલદ્રવ્યનું સત્વ સાવ ભિન્ન છે. નિશ્ચયથી તેમાં વ્યાપ્યવ્યાપકતા નથી. ભાવાર્થ એમ છે કે ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે પણ અન્ય દ્રવ્યના પરિણામનો કર્તા તો ઉપચારમાત્રથી પણ નથી. દ્રવ્ય વ્યાપ્ય છે અને વ્યાપક તેની પોતાની અવસ્થા છે. પરદ્રવ્યના પરિણામમાં બીજું દ્રવ્ય વ્યાપતું નથી.

૭૫મી ગાથામાં તો એમ લીધું છે કે જ્યાં દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ ત્યાં તે સમ્યગ્દૃષ્ટિ વ્યાપક છે અને વીતરાગી પર્યાય તેનું વ્યાપ્ય છે. વ્યવહારરત્નત્રયનો રાગ તેનું વ્યાપ્ય નથી. શુભરાગ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ નહિ. રાગનું વ્યાપ્ય-વ્યાપકપણું કર્મમાં નાંખી દીધું છે.

લોકોને તત્ત્વની ખબર વિના એમ ને એમ જિંદગી ચાલી જાય છે. મોક્ષના હેતુથી પણ ભાવચારિત્ર વિના એકલા દ્રવ્યચારિત્રથી વ્યવહાર ક્રિયાકાંડ અને શુભરાગની ક્રિયા કરીને કર્મનો કર્તા થાય છે. તે મૂરખ મોક્ષને ચાહતો હોવા છતાં નિશ્ચય સમકિત વિના સંસાર સમુદ્રથી તરી શકતા નથી.

चेतन अंक जीव लखि लीन्हा।<br>
पुदगल कर्म अचेतन चीन्हा॥

वासी एक खेतके दोऊ।
जदपि तथापि मिलैं नहिं कोऊ॥११॥

અર્થ :–જીવનું ચૈતન્યચિન્હ જાણી લીધું અને પુદ્ગલકર્મને અચેતન ઓળખી લીધું. જોકે એ બંને એકક્ષેત્રાવગાહી છે તોપણ એકબીજાને મળતા નથી.

બનારસીદાસજીને કોઈએ કહેલું કે કળશ-ટીકા રાજમલજીએ બનાવી છે તેના ઉપરથી તમે નાટક બનાવો. એ આ સમયસાર-નાટક બન્યું અને તેની કથા ઘર-ઘરમાં પહોંચી. અધ્યાત્મની વાત ઘર...ઘરમાં ચાલી.

અહીં કહે છે કે હું તો જાનન-દેખન લક્ષણવાળો છું, મારામાં રાગ કે કર્મ આદિ કાંઈ નથી, શરીરથી હું જુદો છું. આમ જેણે લક્ષણ વડે લક્ષ્ય એવા દ્રવ્યને પકડી લીધું, અનુભવી લીધું તેને માટે રાગાદિ બધું અચેતન છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પને પણ કર્તા-કર્મ અધિકારમાં–૭૨ ગાથામાં જડ કહ્યો છે. રાગ જડ છે–અચેતન છે–પુદ્ગલ છે.

કોઈએ પ્રશ્ન કર્યો હતો કે રાગને પુદ્ગલ કેમ કહ્યો છે? ભાઈ! એ આત્માની ચીજ નથી માટે અચેતન છે–પુદ્ગલ છે, આત્મા તો પ્રભુ–ચૈતન્યમૂર્તિ છે. ૭૨ ગાથામાં આવ્યું છે કે આસ્રવો અશુચિ છે, વિપરીત છે અને દુઃખના કારણ છે. જ્યારે ભગવાન આત્મા તો શુચિ–સદા નિર્મળાનંદ છે. રાગ તો તેનાથી વિપરીત છે, જડ છે કેમ કે તેમાં જ્ઞાનનો અંશ નથી, રાગ પોતાને જાણતો નથી, આત્માને જાણતો નથી, રાગ બીજા વડે જાણવામાં આવે છે માટે રાગ અચેતન છે એમ સંસ્કૃત ટીકામાં આવ્યું છે.

વળી રાગ દુઃખરૂપ છે કેમ કે રાગમાં કષાયની અગ્નિ છે જ્યારે આત્મા અકષાય જ્ઞાનાનંદસ્વરૂપ છે એમ બે વચ્ચે ભેદજ્ઞાન કરીને, રાગથી ખસી, સ્વભાવનો અનુભવ કરે છે તે જીવ રાગનો કર્તા છૂટીને જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે, તેનું નામ ધર્મ અને તેનું જ નામ સમ્યગ્દર્શન છે.

પ્રશસ્ત રાગથી બધાને રાજી રાખતાં જીવ પોતે હણાય જાય છે તેની ખબર નથી. રાગ સમકિતીને પણ આવે છે પણ તે શુભરાગ હો કે અશુભરાગ હો...બંને દુઃખરૂપ છે. બંધના કારણ છે છતાં જે શુભરાગને ભલો અને અશુભને બૂરો એમ ભેદ પાડે છે તેને પ્રવચનસારમાં કહ્યું છે કે શુભ અને અશુભમાં વિશેષ–ભેદ માને છે તે ઘોર સંસારમાં ભમે છે.

અરે! એને સત્નું શરણ લેવું રુચતું નથી. રાગનું શરણ ગમે છે પણ વિકારના શરણમાં તો દુઃખ છે, આત્માના શરણમાં સુખ છે.

वासी एक खेतके दोऊ......કર્મ અને આત્મા એકક્ષેત્રમાં રહેલાં હોવા છતાં એક-બીજામાં મળતાં નથી. કર્મના ચતુષ્ટય-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કર્મમાં છે અને આત્માના ચતુષ્ટય—દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્મામાં છે. કોઈ કોઈમાં ભળતાં નથી આત્મામાં કર્મના ચતુષ્ટયની નાસ્તિ છે. સપ્તભંગી છે ને! એ તો જૈનદર્શનની મૂળ ચીજ છે. પોતાનો આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. એવો આત્માનો સ્યાત્ અસ્તિ-નાસ્તિ સ્વભાવ છે.

કળશટીકામાં તો બહું સૂક્ષ્મ લીધું છે કે સ્વદ્રવ્ય અર્થાત્ 'નિર્વિકલ્પમાત્ર વસ્તુ' સ્વક્ષેત્ર અર્થાત્ આધારમાત્ર વસ્તુનો પ્રદેશ, સ્વકાળ અર્થાત્ વસ્તુમાત્રની મૂળદશા અને સ્વભાવ અર્થાત્ વસ્તુની મૂળ સહજશક્તિ. આ સ્વચતુષ્ટય છે અને પરદ્રવ્ય એટલે વસ્તુની ભેદકલ્પના, આ ગુણ ને આ ગુણી એવો વિકલ્પ પણ પરદ્રવ્ય છે. કળશટીકામાં ૨૫૨મો આ કળશ છે. અસંખ્યાત પ્રદેશમાં ભેદકલ્પના એ પરક્ષેત્ર છે. એક સમયની પર્યાયનો ભેદ કરવો તે પરકાળ છે. દ્રવ્યની ત્રિકાળી નિર્વિકલ્પદશા તે સ્વકાળ છે. અનંતગુણનો એકરૂપભાવ તે સ્વભાવ છે અને ગુણમાં ભેદ પાડવો તે પરભાવ છે.

નિશ્ચય એટલે યથાર્થ–સત્ય અને વ્યવહાર એટલે વસ્તુમાં જે નથી એવા ભેદમાં વસ્તુનો ઉપચાર કરવો તે. શરીર અને કર્મ તો પરદ્રવ્ય જ છે પણ વિકલ્પ અને ભેદ પણ પરદ્રવ્ય છે એમ કહ્યું છે.

અમે તો વર્ષોથી બધા શાસ્ત્રો જોતાં આવ્યા છીએ. સંપ્રદાયમાં પણ બધા જોયા છે. સંપ્રદાયમાં હતાં ત્યારે જ સમયસાર, પ્રવચનસાર આદિ જોયા હતાં. સમયસારનું વાંચન પણ કર્યું હતું. ૮૬ની સાલમાં વાંચ્યું હતું. ફરી રામજીભાઈ સાથે ૯૦ની સાલમાં વાંચ્યું હતું—સદરમાં (રાજકોટમાં) છેલ્લે છેલ્લે તો ૧૫૦૦ માણસ ત્યાં સાંભળવા આવતાં. કોઈ શંકા ન કરે કેમ કે પ્રસિદ્ધિ એવી હતી કે (કાનજીસ્વામી) જે કહે એ બધું બરાબર જ હોય.

ભાઈ! દિગંબર સંતોએ વાત કરી છે તે સર્વજ્ઞે કહેલી છે અને વસ્તુની સ્થિતિ જ એવી છે. સર્વજ્ઞ પરમેશ્વરે જોઈ છે એવી જ વસ્તુસ્થિતિ છે અને કુંદકુંદ આચાર્યદેવ સર્વજ્ઞના કેડાયત છે માટે તેમના સિવાય ક્યાંય આ ચીજ નથી. જ્યાં સત્ય સાંભળવા જ ન મળતું હોય ત્યાં તો શ્રદ્ધા સાચી થવાનો અવસર જ નથી.

અભેદ અને ભેદ, સ્વ અને પર એકક્ષેત્રાવગાહે હોવા છતાં અભેદ ભેદને મળતું

નથી, પર સ્વને મળતું નથી...અસ્તિ-નાસ્તિ બંને સ્વભાવ આત્મામાં છે ને! સ્યાત્ અસ્તિ એટલે આત્મા પોતાથી છે અને સ્યાત્ નાસ્તિ એટલે આત્મા પરથી નથી.

निज निज भाव क्रियासहित, व्यापक व्यापि न कोई।
कर्त्ता पुदगल करमकौ, जीव कहांसौ होइ ।।१२।।

અર્થ :-બંને દ્રવ્ય પોત-પોતાના ગુણપર્યાયમાં રહે છે, કોઈ કોઈનું વ્યાપ્ય-વ્યાપક નથી અર્થાત્ જીવમાં ન તો પુદ્ગલનો પ્રવેશ થાય છે અને ન પુદ્ગલમાં જીવનો પ્રવેશ થાય છે. તેથી જીવપદાર્થ પૌદગલિક કર્મોનો કર્તા કેવી રીતે હોઈ શકે?

શ્રોતા :-ગોમ્મટસારમાં તો પાને પાને લખ્યું છે ને....(કર્મ જીવને રોકે છે)?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો નિમિત્તના કથનો છે. 'જ્ઞાનાવરણીએ જ્ઞાનને રોક્યું છે' એવી ભાષા છે તેનો અર્થ શું! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવનાર કથન છે, વ્યવહારનું કથન છે. પોતાના જ્ઞાનની પરિણતિ પોતાથી રોકાય છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. પોતાની પર્યાયને પરદ્રવ્યનો આધાર નથી કે તેને રોકી શકે!

કર્મ કર્મના ગુણ-પર્યાયમાં રહે છે અને ભગવાન આત્મા પોતાના ગુણ-પર્યાયમાં રહે છે. કર્મનો પ્રવેશ જીવમાં થતો નથી અને જીવનો પ્રવેશ કર્મમાં થતો નથી. કેમ કે બે દ્રવ્યો વચ્ચે વ્યાપ્ય-વ્યાપક સંબંધ જ નથી. ભગવાન આત્મા વ્યાપીને જડની અવસ્થાને વ્યાપ્ત કરે એમ ત્રણકાળમાં કદી બનતું નથી, તેમ જ કર્મ વ્યાપીને જીવની પર્યાયમાં વિકાર કરે એમ ત્રણકાળમાં બનતું નથી. જીવ અને કર્મ એકબીજામાં પ્રવેશ પામતા જ નથી તો એકબીજાને કરે શી રીતે!

नास्ति सर्वोऽपि सम्बन्धः.....એક દ્રવ્યને બીજા દ્રવ્યની સાથે કોઈપણ સંબંધ નથી. તાદાત્મ્યલક્ષણ સંબંધ નથી, ગુણ-ગુણીસંબંધ નથી, કર્મ ગુણ છે અને આત્મા ગુણી છે એવો સંબંધ નથી, લક્ષ-લક્ષણ સંબંધ નથી કેમ કે કર્મ એ કાંઈ આત્માનું લક્ષણ નથી વાચ્ય-વાચકસંબંધ પણ નથી. પરમ અધ્યાત્મ તંરગિણીની સંસ્કૃત ટીકામાં આ કહ્યું છે. વાચક એ શબ્દ છે અને વાચ્ય તેનો ભાવ છે પણ આત્માને કર્મ સાથે એવો સંબંધ પણ નથી. વિશેષ-વિશેષણસંબંધ પણ નથી. આત્મા એ કર્મનું વિશેષ કે વિશેષણ નથી. ઈત્યાદિ સંબંધોમાંથી કોઈપણ સંબંધ બે વસ્તુ વચ્ચે નથી.

એક એક વસ્તુ પોતામાં પરિણમે છે, બીજા સાથે તેને સંબંધ નથી. નિમિત્ત-

નૈમિત્તિક સંબંધ છે તે કાંઈ સંબંધ નથી એમ આ नास्ति सर्वोऽपि संबंधમાં કહેવા માગે છે. આહાહા! ભગવાન અમૃતચંદ્રાચાર્યની ટીકા અને કળશ!! એ તો ચાલતાં સિદ્ધ હતાં. ભરતક્ષેત્રમાં જ્યારે આચાર્યદેવ વિચરતા હશે એ કાળ કેવો હશે!....છતાં સંપ્રદાય અને પક્ષ તો એ વખતે પણ હતાં. જેમ તીર્થંકરના અર્થકાર ગણધર હોય તેમ અમૃતચંદ્રાચાર્યદેવે કુંદકુંદ આચાર્યના અર્થકાર ગણધર જેવું કામ કર્યું છે. નગ્ન દિગંબર મુનિવરો...અધ્યાત્મમાં મસ્ત...ટીકા પણ એવી ગંભીર!......

અહા! ખરેખર ભગવાન આત્માનો રાગમાં પ્રવેશ નથી. રાગ તો વિભાવ છે અને સ્વભાવ ત્રિકાળી શુદ્ધ છે તેમાં એકત્વ કેવું! બે વચ્ચે એકતા નથી છતાં એણે એકતાનો અધ્યાસ કર્યો છે. ખરેખર રાગાદિભાવોનો કર્તા ભગવાન આત્મા છે જ નહિ. હવે ૯મા કળશમાં એ જ કહે છે-એક વસ્તુની કર્તા બીજી વસ્તુ નથી. કર્તા એટલે 'સ્વતંત્રપણે કરે તે કર્તા' અને 'કર્તાનું ઈષ્ટ તે કાર્ય', અજ્ઞાનીનું ઈષ્ટ કાર્ય રાગ છે જ્યારે જ્ઞાનીનું ઈષ્ટ કાર્ય જ્ઞાન છે, આનંદ છે. ધર્મીને વીતરાગીપર્યાય જ ઈષ્ટ છે, રાગ ઈષ્ટ નથી.

અરે! આવા કાળે સત્‌નું શરણ ન લીધું તો ક્યાં અવતાર થશે! એને પોતાની કરુણા હોવી જોઈએ કે હું ક્યાં જઈશ!

ભગવાન આત્મા એવી વસ્તુ છે કે રાગ એનું કાર્ય નથી, રાગ એનું કારણ નથી, રાગ તેનું સાધન નથી, રાગ તેનો આધાર નથી. એ તો સ્વયંસિદ્ધ ભગવાન છે જુઓ! કળશમાં છેલ્લે કહે છે કે पश्यन्त्वकर्तुं मुनयश्च जनाश्च त्वम् । મુનિ અને જન બે લીધા ને! સામાન્ય જન જગતનો કર્તા માને છે તે પણ છોડી દે અને મુનિ થઈને રાગનો કર્તા માને છે એ પણ છોડી દે!

અજ્ઞાન છે ત્યાં સુધી એ રાગનો અને પરનો કર્તા પોતાને માને છે. પેલા લોકો જગતનો કર્તા ઈશ્વરને માને છે તેમ આ રાગનો કર્તા આત્માને માને છે તો બંને સરખા મિથ્યાદૃષ્ટિ છે. માટે બંનેને મિથ્યાદૃષ્ટિ જાણવા—એવો પાઠ છે.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં ૨૦૧ કળશમાં આવે છે...છકાયજીવની હું રક્ષા કરી શકું છું એમ માનનાર છકાયનો કર્તા થયો, જૈનસાધુ થઈને આવું માને તો લૌકિકજનમાં અને તેમાં કાંઈ ફેર નથી. ગાથા ૩૨૧ થી ૩૨૩મા આ વાત આવે છે.

મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ બનાવવા માટે આ વાત છે. તદ્દન અપ્રતિબુદ્ધ-અજ્ઞાની-મૂઢ છે તેને આ કહ્યું છે. પરનો અને રાગનો કર્તા માનનાર બંને મિથ્યાદૃષ્ટિ છે એમ

જાણો એમ કુંદકુંદ આચાર્ય કહે છે. કોઈ કહે હું રાગનો કર્તા છું, કોઈ કહે હું જગતનો કર્તા છું, કોઈ કહે હું છકાયજીવોની રક્ષા કરનાર છું...આવા અભિપ્રાયવાળા બધા જીવો એક સરખા મિથ્યાદૃષ્ટિ છે.

जीव अरु पुद्गल करम रहैं एक खेत,
जदपि तथापि सत्ता न्यारी न्यारी कही है।
लक्षन स्वरूप गुन परजै प्रकृति भेद,
दुहूमें अनादिहीकी दुविधा ह्वै रही है॥
एतेपर भिन्नता न भासै जीव करमकी,
जौलौं मिथ्याभाव तौलौं ओंधि बाउ बही है।
ग्यानके उदोत होत एसी सूधी द्रिष्टी भई,
जीव कर्म पिंडकौ अकरतार सही है॥१३॥

અર્થ :–જોકે જીવ અને પૌદગલિક કર્મ એકક્ષેત્રાવગાહ સ્થિત છે તોપણ બંનેની સત્તા જુદી જુદી છે. તેમના લક્ષણ, સ્વરૂપ, ગુણ, પર્યાય, સ્વભાવમાં અનાદિનો જ ભેદ છે. આટલું હોવા છતાં પણ જ્યાં સુધી મિથ્યાભાવનો ઉલટો વિચાર ચાલે છે ત્યાં સુધી જીવ-પુદ્ગલની ભિન્નતા ભાસતી નથી. તેથી અજ્ઞાની જીવ પોતાને કર્મનો કર્તા માને છે પણ જ્ઞાનનો ઉદય થતાં જ એવું સત્ય શ્રદ્ધાન થયું કે ખરેખર જીવ કર્મનો કર્તા નથી.

જીવ અને કર્મ એકક્ષેત્રે રહેલાં હોવા છતાં ભગવાન આત્માની સત્તા અને કર્મની સત્તા જુદી જુદી છે, તેના લક્ષણ આદિ જુદાં છે, તેનો વિસ્તાર 'વિશેષ'માં કરશે પણ જ્યાં સુધી જીવને મિથ્યાત્વ છે ત્યાં સુધી જીવ અને કર્મની ભિન્નતા તેને ખ્યાલમાં આવતી નથી તેથી મિથ્યાદૃષ્ટિ પોતાને કર્મનો કર્તા માને છે. પણ હું તો રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ છું એમ સમ્યક્ જ્ઞાન થાય ત્યાં તે જીવ કર્મનો કર્તા થતો નથી. અશુદ્ધતા અને જ્ઞાનનો ભાવ ભિન્ન છે સ્વરૂપ ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે, કાળ ભિન્ન છે.

સંવર અધિકારમાં લીધું છે કે અશુદ્ધતાનું ક્ષેત્ર જ્ઞાનથી ભિન્ન છે, કાળ ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે. તો પ્રશ્ન થાય કે શું અશુદ્ધતાનું ક્ષેત્ર ભિન્ન છે તો આત્માના અસંખ્યપ્રદેશથી બહારમાં અશુદ્ધતા થાય છે? ના. અસંખ્યપ્રદેશથી બહાર વિકાર–અશુદ્ધતા થતી નથી પણ આત્માના જેટલા અંશમાં વિકાર થાય છે તે ક્ષેત્ર જુદું છે અને જેટલા

અંશમાં નિર્મળતા છે તે ક્ષેત્ર ભિન્ન છે, તેથી જ્યાં ક્ષેત્રના બે ભાગ પાડી દીધા ત્યાં ભાવમાં તો બે ભાગ છે જ.

સ્વાધ્યાય ન કરે, તત્ત્વને સમજે નહિ અને પોતાની કલ્પનાથી માની લે એવા સાધારણ પ્રાણીનું આ કામ નથી. રાગનું ક્ષેત્ર ભિન્ન છે અને સ્વભાવનું ક્ષેત્ર ભિન્ન છે. ભગવાન આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતામાં છે અને અશુદ્ધતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પરમાં છે અથવા એ પર્યાયનું ક્ષેત્ર છે.

સમયસાર તો ભરતક્ષેત્રનું અદ્વિતીય-અજોડ શાસ્ત્ર છે. સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિનો સાર છે.

વિશેષ :–જીવનું લક્ષણ ઉપયોગ છે, પુદ્‌ગલનું લક્ષણ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે. જીવ અમૂર્તિક છે, પુદગલ મૂર્તિક છે. જીવના ગુણ દર્શન-જ્ઞાન-સુખ આદિ છે. જીવની પર્યાયો નર-નારકાદિ છે, પુદ્‌ગલની પર્યાયો ઈંટ, પત્થર પૃથ્વી આદિ છે. જીવ અબંધ અને અખંડ દ્રવ્ય છે, પુદ્‌ગલમાં સ્નિગ્ધ-રુક્ષપણું છે. તેથી તેના પરમાણુ મળે છે અને છૂટા પડે છે. ભાવ એ છે કે બંનેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ચતુષ્ટય જુદા જુદા છે અને જુદી જુદી સત્તા છે. બંનેય પોત-પોતાના જ ગુણ-પર્યાયોના કર્તા-ભોક્તા છે, કોઈ એક-બીજાના કર્તા-ભોક્તા નથી.

રાગ પણ ખરેખર અચેતન છે એટલે તેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે—એમ નહિ પણ રાગમાં જ્ઞાનનો અંશ પણ નથી તે અપેક્ષાએ અચેતન છે. આત્માના ગુણ દર્શન-જ્ઞાન છે તે રાગમાં નથી. જીવની પર્યાય નર-નારકાદિ કહી પણ ખરેખર નર-નારકાદિ જીવની પર્યાય નથી. નિશ્ચયદૃષ્ટિમાં ગતિની પર્યાય જીવસ્વભાવની નથી પણ પરથી જુદી પાડવા માટે તેને જીવની કહેવાય. પરથી જુદો પડે તેની દૃષ્ટિ રાગથી પણ જુદી પડી જાય છે, પરથી લક્ષ ઉઠાવી, દ્રવ્ય ઉપર લક્ષ કર્યું ત્યાં પર તો મારામાં નથી પણ ગતિ પણ મારા સ્વભાવમાં નથી.

આ તો સર્વજ્ઞ વીતરાગની વાણી–ૐકાર ધ્વનિ સૂણી અર્થ ગણધર વિચારે..... ચાર જ્ઞાનધારી ગણધર બાર અંગ, ચૌદ પૂર્વની રચના કરે છે. અંતર્મુહૂર્તમાં ગણધરદેવ ચૌદપૂર્વનો સાર લઈ લે છે.

જીવ અબંધ અને અખંડ દ્રવ્ય છે. પુદ્‌ગલમાં સ્નિગ્ધ-રુક્ષપણું છે તેથી પરમાણુમાં ગલન-મિલન થાય છે પણ પરમાણુ નિત્ય છે. જીવ અને પરમાણુમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ

તદ્દન જુદાં જુદાં છે, બંને વચ્ચે અત્યંત અભાવ છે. રાગ અને સ્વભાવ વચ્ચે પણ અત્યંત અભાવ છે. આવી બુદ્ધિ થવી, દૃષ્ટિ થવી તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન છે. ત્યારથી ધર્મની શરૂઆત છે.

બંને દ્રવ્ય પોત-પોતાના ગુણ-પર્યાયના કર્તા-ભોક્તા છે. કોઈ બીજાનાં ગુણ-પર્યાયના કર્તા-ભોક્તા નથી.

एक वस्तु जैसी जु है, तासौं मिलैं न आन।
जीव अकरता करमकौ, यह अनुभौ परवान॥१४॥

અર્થ :- જે પદાર્થ જેવો છે તેવો જ છે, તેમાં અન્ય પદાર્થ મળી શકતો નથી, તેથી જીવ કર્મનો અકર્તા છે, એ વિજ્ઞાનથી સર્વથા સત્ય છે.

સમ્યગ્જ્ઞાનના વિજ્ઞાનથી જોઈએ તો રાગનો કર્તા આત્મા નથી. તેનો અર્થ શું? કે રાગનું પરિણમન આત્માનું કાર્ય નથી. નબળાઈવશ સમકિતીને પણ રાગ છે પણ તેને જ્ઞાન જાણે છે કે રાગ કરવા જેવો નથી. સમકિતી રાગને કરવા જેવો માનતો નથી. આ વાત અનુભવથી પ્રમાણ થાય તેવી છે. (ક્રમશઃ)

**પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં આજથી પચાસ વર્ષ પહેલાંના વાયર રેકોર્ડીંગમાં થયેલ દુર્લભ પ્રવચનોને સીડીમાં રૂપાંતરીત કરવામાં આવ્યા છે. જે નીચેના સ્થળોથી મળી શકશે.**

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
Ph : (02846) 244334

(૨) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થીક ટ્રસ્ટ
૩૦૨, ક્રિષ્નકુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૬
Ph : (022) 26104912, 26130820

# જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની અદ્‌ભુતતા

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

જુઓ, આજે દિવ્યધ્વનિનો દિવસ છે ને આ ગાથામાં દિવ્યધ્વનિનો નિચોડ મૂકી દીધો છે.

यत् यस्य यस्मिन् देशे येन विधानेन यस्मिन काले।
ज्ञातं जिनेन नियतं जन्म वा अथवा मरणं वा॥३२१॥
तत् तस्य तस्मिन् देशे तेन विधानेन तस्मिन काले।
कः शकनोति चालायितुं इन्द्रः वा तथा जिनेन्द्रः वा॥३२२॥

**અર્થ** : જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી, જે જન્મ-મરણ ઉપલક્ષણથી દુ:ખ-સુખ-રોગ-દરિદ્રતા આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં, તે જ કાળમાં, તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઈન્દ્ર કે જિનેન્દ્ર-તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.

વસ્તુસ્વરૂપનો આવો નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, મિથ્યાદૃષ્ટિને આવો નિર્ણય યથાર્થ હોતો નથી. જે ક્ષણે જે જે મા-બાપથી જે પુત્ર થવાનો તે જ ક્ષણે તે મા-બાપથી જ તે પુત્ર થશે, તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. કોઈ કહે કે પુત્ર થવાનો હતો પણ નિમિત્ત ન મળ્યું માટે પુત્ર ન થયો, એ વાત જુઠી છે. સમ્યગ્દૃષ્ટિ જીવને નિશ્ચય છે કે જે કાળે જે જીવનો જ્યાં જે માતા-પિતાથી જન્મ થવાનો તે જ કાળે તે જીવનો ત્યાં તે જ માતા-પિતાથી જન્મ થશે. તે જ પ્રમાણે જે કાળે જે સંયોગે જેનું મરણ થવાનું તે જ કાળે તે સંયોગથી તેનું મરણ થશે. તેમાં દવા વગેરેથી ફેરફાર કરવા કોઈ સમર્થ નથી અને તેમાં ફેરફાર કરવાનું સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. જુઓ આ સમ્યગ્દૃષ્ટિની **પ્રતીતિ! આ કાંઈ આપદા વખતે સમાધાન કરવા માટેનું ચિંતન નથી પણ યથાર્થ વસ્તુસ્વરૂપનું ચિંતવન છે.** જે ક્ષણે જન્મ કે મરણ થવાનું તે જ ક્ષણમાં એક સમયનું પણ આઘું કે પાછું થવાનું નથી. જે જીવ આવું નથી માનતો ને ફેરફાર કરવાનું માને છે તે જીવ આગમનો વિરોધી પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.

ધર્મીને દવા વગેરેનો વિકલ્પ આવે પણ તેને પર્યાય ફેરવવાની બુદ્ધિ નથી. મારું સ્વરૂપ જ્ઞાતાદૃષ્ટા છે, એક પર્યાયમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. બહારમાં જે કાળે જે જીવને જેવો સુખ કે દુ:ખનો સંયોગ આવવાનો તે આવવાનો. તેને ફેરવવા ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ સમર્થ નથી. આવી સમ્યગ્દૃષ્ટિની દૃઢ પ્રતીતિ છે. જેને આવો નિર્ણય નથી તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. પથ્ય આહાર કરું ને ધ્યાન રાખું તો શરીરમાં રોગ ન આવે ને ધ્યાન ન રાખ્યું માટે રોગ આવ્યો—એવી માન્યતા અજ્ઞાન છે. જે ક્ષણે શરીરમાં રોગ થવાનો તે થવાનો જ તેમાં કોઈ ફેરફાર કરી શકે નહીં. ધર્મીજીવ તો તેનો જ્ઞાતા રહે છે. પોતાની પર્યાયનો પણ જ્ઞાતા ને પરની પર્યાયનો પણ જ્ઞાતા. ક્યાંય ફેરફાર કરવાની બુદ્ધિ ન રહી.

જુઓ! આ કોની વાણીમાં આવ્યું? ભગવાન મહાવીર પરમાત્માની વાણીમાં આવી વાત આવી છે. અત્યારે મહાવિદેહમાં સીમંધરપરમાત્મા બિરાજે છે. ત્યાં તેમની દિવ્યધ્વનિમાં પણ આવું વસ્તુસ્વરૂપ તેઓ કહી રહ્યા છે ને ગણધરો તેને ઝીલી રહ્યા છે.

જે સમયે રોગ-નિરોગ, દરિદ્ર કે ધન આવવાનું હશે તે ક્ષણે તેમ જ થવાનું. સર્વજ્ઞદેવના જ્ઞાનમાં ત્રણકાળની પર્યાયો જેમ પ્રતિભાસી છે તે જ પ્રમાણે થવાની, તેમાં ફેરફાર કરવા ઈન્દ્ર કે નરેન્દ્ર કોઈ સમર્થ નથી. ધર્મીજીવ જાણે છે કે નિર્ધનતા મારામાં નથી, હું તો ચૈતન્યલક્ષ્મીનો સ્વામી છું અને ધન આવવાનું હશે તો તેના કારણે આવશે, મારા પ્રયત્નના કારણે નહીં આવે, હું તો તેનો જાણનાર છું. સર્વજ્ઞદેવે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા છે ને મારો તેવો જાણનાર સ્વભાવ છે. જે બનવાનું તે ફરવાનું નથી ને જે નહીં બનવાનું તે કદી થવાનું નથી. હું ક્યાંય ફેરફાર કરનારો નથી પણ જેમ થાય તેમ તેનો જાણનાર જ છું. પરની પર્યાયને તો ફેરવનાર નથી પણ મારી પર્યાયને પણ ફેરવનાર નથી. આમ પોતાના સ્વભાવ-સન્મુખ રહીને ધર્મીનો નિશ્ચય છે.

સમ્યગ્દર્શન પર્યાય કે સમ્યક્ચારિત્ર પર્યાય જે સમયે થવાની તે જ સમયે થવાની, આવો નિર્ણય દ્રવ્યસન્મુખ રહીને કરે છે એટલે કે દ્રવ્યસ્વભાવની સન્મુખ રહીને જાણનાર રહ્યો ને રાગ-દ્વેષનો ખદબદાટ ઊડી ગયો. દ્રવ્યદૃષ્ટિથી એકલો વીતરાગભાવ રહ્યો, એને ક્ષણે ક્ષણે જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની સન્મુખતાથી જ વધે છે. જેને જે સમયે જે નિમિત્તના સંયોગમાં સમ્યગ્દર્શન વગેરે પર્યાય થવાની હશે તે થશે—આમ ધર્મી જાણે છે એટલે હું કોઈને ધર્મ પમાડી દઉં એવી મિથ્યા બુદ્ધિ તેને થતી નથી, તે જ્ઞાતા જ છે. જુઓ! આ સર્વજ્ઞ દેવના દિવ્યધ્વનિમાં આવેલો સ્વતંત્રતાનો ઢંઢેરો!

બધુંય વ્યવસ્થિત છે, જેમ સર્વજ્ઞે જોયું તે જ પ્રમાણે નિયમથી થવાનું છે.

जो जो देख्यो वीतरागने सो सो होसीं वीरा रे।
बीन देख्यो होसी नहि काही, काहे होत अधीरा रे॥
समय एक बढे नहि घटसो जो सुख दुःखकी पीरा रे।
तूं क्यों सोच करै मन कुडो होय वज्र ज्यों हीरा रे॥ (ब्रह्मविलास)

ભગવાન સર્વજ્ઞદેવે જે જે દેખ્યું છે તે તે થાય છે, નહિ થવા યોગ્ય કાંઈ થતું નથી. માટે ફેરફારની બુદ્ધિ છોડીને તારા સ્વભાવની સન્મુખ થઈને તેના જ્ઞાતા રહેવું તેનું નામ સાચી ધીરજ છે. જેને આવો નિર્ણય છે તે ધર્મીને જ્ઞાયક-સ્વભાવની દૃષ્ટિ છે ને રાગની, નિમિત્તની કે પર્યાયની બુદ્ધિ છૂટી જાય છે એટલે સ્વભાવદૃષ્ટિથી જાણનાર જ રહે છે, બસ આ જ મોક્ષનો પુરુષાર્થ છે.

ભગવાન સ્વામીકાર્તિકેય મુનિ સંત હતા. છટ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતાં હતા, આનંદસાગરમાં મસ્ત હતા. નગ્ન દિગંબર અડોલ વૃત્તિના ધારક હતા. તેમને વિકલ્પ ઊઠતાં આ શાસ્ત્ર રચાઈ ગયું છે. તેમાં કહે છે કે અહો! સર્વજ્ઞદેવે જેવું દેખ્યું તેવું જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં થાય છે. આવી સર્વજ્ઞતાની ને વસ્તુસ્વરૂપની પ્રતીત અજ્ઞાનીને આવતી નથી. અહો! ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં તો સ્વભાવસન્મુખ થઈને જ્ઞાતા રહી જાય છે. અહો! અનંતા સિદ્ધો અને સર્વે કેવળી ભગવંતોના જ્ઞાનમાં જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જે પ્રમાણે જણાયા છે; તે જ પ્રમાણે નિયમથી થાય છે. આવો સમ્યગ્દૃષ્ટિનો નિશ્ચય છે. આવો નિશ્ચય કરતાં તો જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય આવી ગયું કે અહો! હું તો જ્ઞાન છું, હું 'જ્ઞ' સ્વભાવી છું, મારા જ્ઞાનસ્વભાવમાંથી તો જ્ઞાન ને આનંદ જ નીકળે છે. આમ સ્વભાવસન્મુખ બુદ્ધિ થઈ જાય છે. જે જીવ આવો વસ્તુસ્વરૂપનો નિર્ણય કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે ને જે જીવ સંદેહ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને સર્વજ્ઞની પ્રતીત નથી, જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી, આગમની પણ પ્રતીત નથી.

જુઓ, જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની અદ્ભુતતા! જુઓ, આ ધર્મીની જ્ઞાનસ્વભાવની ભાવનાની અચિંત્યતા!!

ભાવાર્થ :—સર્વજ્ઞદેવ, સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થાને જાણે છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે પણ તેમાં અધિક-હીન કાંઈ થતું નથી એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે.

જે સમયે અગિયારમું ગુણસ્થાન આવવાનું તે સમયે તે જ અવસ્થા થશે. જે સમયે પડવાનો તે સમયે પડવાનો—તેમાં ફેરફાર થાય નહિ. પણ જે આવો નિર્ણય કરે તેને પોતાને પડવાની શંકા રહેતી નથી, તેને તો સ્વભાવ ઉપર અપ્રતિહત ભાવ રહે છે, તેને પોતાને તો સ્વભાવદૃષ્ટિ થઈ છે એટલે તે સાધક છે, સાધક છે તે તો વીતરાગભાવને વધારે છે ને બાધકભાવનો નાશ કરતો જાય છે. **જે થવાનું તે જ થશે-આવો નિર્ણય તો પોતાના જ્ઞાનમાં કર્યો છે અને તે જ્ઞાનનું વલણ તો સ્વભાવની રુચિ તરફ છે એટલે હું પરને કરું કે પર મારું કરે એવી બુદ્ધિ ન રહે એટલે પર તરફ વલણ જ ન રહ્યું પણ જ્ઞાનસ્વભાવની સન્મુખ વલણ થઈ ગયું એટલે પરને જાણનાર ન રહ્યો.** આમાં વીતરાગ ભાવ આવે છે. બધા દ્રવ્યોમાં ક્રમબદ્ધ પર્યાય થાય છે એટલે ક્યાંય કોઈમાં ફેરફાર કરવાની બુદ્ધિ ન રહી એટલે જ્ઞાતા જ રહ્યો; તે જ મોક્ષમાર્ગ છે.

જુઓ, ગૌતમ આવ્યા માટે ભગવાનની વાણી છૂટી એમ નથી. સર્વજ્ઞદેવે તે સમયે જ વાણી નીકળવાનું પહેલેથી જ જાણ્યું હતું તે વાણી તેના પરમાણુના કાળે છૂટી છે, ભગવાનને કારણે કે ગૌતમને કારણે વાણી નીકળી નથી. નિમિત્તને લીધે પર્યાયમાં ફેરફાર થાય એમ જે માને છે તે જીવ આગમથી વિરુદ્ધ મિથ્યાદૃષ્ટિ છે.

કર્મની અવસ્થામાં પણ સંક્રમણ, અપકર્ષણ વગેરે તેની અવસ્થાના કાળે ક્રમબદ્ધ થાય છે; જીવને લીધે તે પર્યાય થઈ એમ નથી—આમ સમજનારની દૃષ્ટિ પોતાના સ્વભાવ તરફ હોય છે.

ભગવાનની દિવ્યધ્વનિમાં આ વાત આવી હતી કે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની જે અવસ્થા થવાની તે જ પ્રમાણે થવાની-આવું વસ્તુસ્વરૂપ છે તેની જેને પ્રતીત નથી તે જૈન નથી. જૈન તો તેને કહેવાય કે જે જીવ વસ્તુસ્વરૂપ ઓળખીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષને જીતે!

સર્વજ્ઞદેવે એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જાણ્યા છે. ભવિષ્યના અનંતકાળની પર્યાયો પણ અત્યારથી જ્ઞાનમાં જણાઈ ગઈ છે. "ભવિષ્યની પર્યાયો થશે ત્યારે તેને જાણશે" એમ જે માને તેણે સર્વજ્ઞને જાણ્યા નથી. અહો! કોઈ જીવ એકાદ ભવે મોક્ષ જશે, કોઈ અનંતભવ પછી મોક્ષ જશે, તે બધુંય ભગવાન અત્યારથી જાણી રહ્યા છે. ભગવાનના જ્ઞાનમાં તેનો ભવ જણાયો નથી ને જેણે એવા ભવરહિત ભગવાનના જ્ઞાનનો નિર્ણય કર્યો તે જીવને પણ ભવની શંકા રહેતી નથી ને તેને વિશેષ ભવ હોતા નથી.

જુઓ! આ ગાથામાં જ્ઞાનસ્વભાવના નિર્ણય સહિતની વાત છે. ગોમ્મટસારમાં જેને

એકાંત નિયતવાદરૂપ ગૃહિત મિથ્યાત્વ કહ્યું છે ત્યાં તો જે જીવ સર્વજ્ઞની પ્રતીત કરતો નથી એવા જીવની વાત છે અને અહીં તો સર્વજ્ઞના ને જ્ઞાનસ્વભાવના નિર્ણય સહિત સમ્યગ્દૃષ્ટિ જીવના ચિંતવનની વાત છે.

અહો! દિગંબર સંતોનો કોઈ પણ ગ્રંથ લ્યો....તે આત્માને ચૈતન્યસ્વભાવમાં થંભાવી દે છે.

સર્વજ્ઞદેવે જે સમયે જે પર્યાય દેખી તે જ સમયે તે પર્યાય થાય છે. ત્યાં અજ્ઞાનીને એમ લાગે છે કે પુરુષાર્થ ઊડી જાય છે પણ તે મૂઢ જીવને જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ ભાસતો નથી. અહો! જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને જ્ઞાતાદૃષ્ટા રહ્યો તે જ વીતરાગતા અને કેવળજ્ઞાનનો પંથ છે, તે જ પુરુષાર્થ છે. જેણે આવો નિર્ણય કર્યો તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહી.

સર્વજ્ઞનો જ્ઞાનસ્વભાવ શક્તિએ અને વ્યક્તિએ પૂર્ણ છે. તેમ મારો સ્વભાવ પણ પરિપૂર્ણ છે—એમ સ્વભાવની પ્રતીત કરીને તેની સન્મુખ દૃષ્ટિ કરી તે સમ્યગ્દૃષ્ટિ જીવ 'अचिरं' એટલે કે અલ્પકાળમાં જરૂર મુક્તિ પામે છે. ત્રિલોકનાથનો જે દિવ્યધ્વનિ છૂટ્યો, ગણધરદેવે ઝીલીને શાસ્ત્રો રચ્યા ને સંતોની પરંપરાથી જે વાણી ચાલી આવી છે તેમાં આ રહસ્ય રહેલું છે.

વાણીના કાળે વાણી નીકળે છે ને વિકલ્પના કાળે વિકલ્પ આવે છે પણ ધર્મીજીવને સ્વભાવની દૃષ્ટિ છે, તે તેનો જ્ઞાતા છે. પર્યાયને ફેરવવી નથી. અંતરના જ્ઞાનસ્વભાવનો જેણે નિર્ણય કર્યો તે જીવ નિયમથી મોક્ષગામી છે ને જેને આવી પ્રતીત નથી તે જીવ પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. માટે વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને જ્ઞાનસ્વભાવની સન્મુખ દૃષ્ટિથી વીતરાગભાવે જ્ઞાતાદૃષ્ટા રહેવું તે જ મોક્ષનું કારણ છે.

❖ ✻ ❖

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ જૂન માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા છેલ્લા બે વર્ષમાં નીચેનાં શાસ્ત્રો પ્રકાશિત કરવામાં આવેલ છે.

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત | ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મૂળમાં ભૂલ | ગુજરાતી | ૨૦૦૦ | ૧૫ | તીર્થમંડલ વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૨ | મોક્ષશાસ્ત્ર | ગુજરાતી | ૧૦૦૦ | ૧૬ | મોક્ષમાર્ગપ્રકાશકના કિરણો | ગુજરાતી | ૨૦૦૦ |
| ૩ | જિનેન્દ્ર ધૂપાર્ચન | ગુજરાતી | ૩૦૦૦ | ૧૭ | પંચપરમેષ્ઠી વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૪ | નિયમસાર | ગુજરાતી | ૧૦૦૦ | ૧૮ | ચૌસઠ-ઋદ્ધિ વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૫ | સમયસાર કળશ ટીકા | ગુજરાતી | ૨૦૦૦ | ૧૯ | દશલક્ષણધર્મ વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૬ | સ્તવન મંજરી | ગુજરાતી | ૨૦૦૦ | ૨૦ | આરાધનાની દેવી | ગુજરાતી | ૩૦૦૦ |
| ૭ | જિનેન્દ્ર પૂજા સંગ્રહ | હિન્દી | ૧૦૦૦ | ૨૧ | પ્રવચનસાર | ગુજરાતી | ૨૦૦૦ |
| ૮ | પદ્મપુરાણ | ગુજરાતી | ૧૦૦૦ | ૨૨ | સિદ્ધ પરમેષ્ઠી વિધાનપૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૯ | પ્રતિક્રમણ | ગુજરાતી | ૩૦૦૦ | ૨૩ | સોલહકારણ વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૧૦ | જૈન બાળપોથી | ગુજરાતી | ૫૦૦૦ | ૨૪ | વચનામૃત પ્રવચન ભાગ-૧ | હિન્દી | ૧૨૦૦ |
| ૧૧ | સમવસરણ વિધાન પૂજા | હિન્દી | ૩૦૦૦ | ૨૫ | વચનામૃત પ્રવચન ભાગ-૩ | હિન્દી | ૧૨૦૦ |
| ૧૨ | સમયસાર | ગુજરાતી | ૨૦૦૦ | ૨૬ | વચનામૃત પ્રવચન ભાગ-૪ | હિન્દી | ૧૫૦૦ |
| ૧૩ | મુક્તિનો માર્ગ | ગુજરાતી | ૨૦૦૦ | ૨૭ | શ્રાવકધર્મ પ્રકાશ | ગુજરાતી | ૧૦૦૦ |
| ૧૪ | મોક્ષમાર્ગપ્રકાશક | ગુજરાતી | ૨૦૦૦ | | | | |
| | | | | | | | ૫૩૯૦૦ |

નીચેના શાસ્ત્રો પ્રેસમાં, છેલ્લા તબક્કામાં છે, જે નજીકના ભવિષ્યમાં ઉપલબ્ધ થશે.

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત | ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | છઢાળા | ગુજરાતી | ૩૦૦૦ | ૮ | કાર્તિકેયાનુપ્રેક્ષા | ગુજરાતી | ૧૦૦૦ |
| ૨ | પદ્મનંદી પંચવિંશતિ | ગુજરાતી | ૧૦૦૦ | ૯ | જૈન સિદ્ધાન્ત પ્રશ્નોત્તરમાળા | ગુજરાતી | ૧૦૦૦ |
| ૩ | પરમાત્મપ્રકાશ | ગુજરાતી | ૧૦૦૦ | ૧૦ | અનુભવપ્રકાશ પ્રવચનો | હિન્દી | ૧૦૦૦ |
| ૪ | તીન ચોવીસી જિનપૂજા | હિન્દી | ૩૦૦૦ | ૧૧ | પંચાસ્તિકાય | હિન્દી | ૧૦૦૦ |
| ૫ | દશલક્ષણધર્મ પ્રવચન | હિન્દી | ૧૦૦૦ | ૧૨ | પ્રવચનસાર | હિન્દી | ૧૦૦૦ |
| ૬ | વસ્તુવિજ્ઞાનસાર | ગુજરાતી | ૨૦૦૦ | ૧૩ | નિયમસાર | હિન્દી | ૧૦૦૦ |
| ૭ | અપૂર્વ અવસરના પ્રવચનો | ગુજરાતી | ૨૦૦૦ | | | | |

સાહિત્યપ્રકાશનસમિતિ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ

## વૈરાગ્ય સમાચાર :—

વઢવાણનિવાસી લલીતાબેન વાડીલાલ શાહ (રંગૂનવાળા) (વર્ષ–૮૩) તા. ૨૧-૨-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ખંડવાનિવાસી (હાલ ઇન્દોર) શ્રી અમરચંદ ઉમરાવપ્રસાદ જૈન "પંચરત્ન" (વર્ષ–૬૧) તા. ૨૮-૨-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નાનપણથી તેમના પિતાશ્રી સાથે ૪-૪ માસ સોનગઢ આવીને લાભ લેતા હતા. તેમને તત્ત્વનો ઊંડો અભ્યાસ હતો.

રાજકોટનિવાસી ચંદનબેન મોહનલાલ શાહ (વર્ષ–૮૦) તા. ૫-૩-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી વિજયાબેન અમૃતલાલ બોટાદરા (વર્ષ–૬૫) તા. ૮-૩-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી (હાલ-વિલેપાર્લા) સુશીલાબેન નૌતમલાલ શાહ (વર્ષ–૮૦) તા. ૨૦-૩-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઘણી રુચિ હતી.

સુરેન્દ્રનગરનિવાસી બ્ર. નીલાબેન ત્રંબકલાલ શાહ (વર્ષ–૬૨) તા. ૧૦-૪-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી (હાલ અમેરીકા) જયાબેન ભૂપતલાલ કામદાર સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી સ્વ. શાંતિલાલ રેવાશંકર શાહના પુત્ર તથા બ્ર. ભદ્રાબેન(સોનગઢ)ના ભાઈ શ્રી મહેશભાઈ (વર્ષ–૮૦) તા. ૨૦-૪-૦૭ના રોજ હાર્ટફેઈલ થવાથી રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠીનિવાસી (હાલ-કાંદીવલી) નીલાબેન ગુણવંતરાય ભાયાણી (વર્ષ–૭૦) તા. ૨૦-૪-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. ❐ ❐ ❐

હું દ્રવ્યથી શાશ્વત આત્મદ્રવ્ય છું, આ ઊપજે છે–વિણસે છે તે પર્યાયનો સ્વભાવ છે; તેમાં હર્ષ-વિષાદ શો? શરીર છે તે જીવ અને પુદ્‌ગલના સંયોગજનિત પર્યાય છે અને ધન-ધાન્યાદિક છે તે પુદ્‌ગલના પરમાણુઓનો સ્કંધપર્યાય છે એટલે તેનું મળવું–વિખરાવું નિયમથી અવશ્ય છે, છતાં તેમાં સ્થિરતાની બુદ્ધિ કરે છે એ જ મોહજનિત ભાવ છે. માટે વસ્તુસ્વરૂપ જાણી તેમાં હર્ષ-વિષાદાદિરૂપ ન થવું.

*(સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા–૪નો ભાવાર્થ)*

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી ઇષ્ટોપદેશ ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમયસાર કલશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન |

**શ્રુતપંચમી-પર્વ :**—જેઠ સુદ ૫, તા. ૧૯-૬-૨૦૦૭, મંગળવારનો દિવસ શ્રુતપંચમી પર્વ–શ્રી ષટ્ખંડાગમ વગેરે જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**આર્દ્રા નક્ષત્ર :**—તા. ૨૨-૬-૨૦૦૭, શુક્રવારના દિવસે બપોરે ૩-૨૮ વાગે શરૂ થાય છે.

❀

### અમેરીકામાં પૂ. ગુરુદેવશ્રીની ૧૧૮મી જન્મ-જયંતી તથા ચાર દિવસની આધ્યાત્મિક શિબિર ટેમ્પા, ફ્લોરીડામાં સાનંદ સંપન્ન

જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ USA દ્વારા આયોજીત ચાર દિવસ (મે ૨૫ થી ૨૮, ૨૦૦૭)ની આધ્યાત્મિક શિબિર તથા પૂ. ગુરુદેવશ્રીની ૧૧૮મી જન્મ-જયંતીનો સમારોહ અત્યંત ઉલ્લાસભેર સંપન્ન થયેલ. વિદ્વાન પ્રવચનકાર રાજેન્દ્ર કામદારે શિબિરનું સંચાલન કરેલ. તેમના સહયોગમાં ડૉ. કિરીટભાઈ ગોસલીયા (ફિનીક્ષ) તથા રસિકભાઈ શેઠ (વડોદરા)નું મહત્વપૂર્ણ યોગદાન પ્રાપ્ત થયેલ. જિનેન્દ્ર પૂજા, ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, વિદ્વાનોના શિક્ષણવર્ગો, ગુરુદેવ વધામણા, તત્ત્વચર્ચા, બાળકોના ધાર્મિક સંવાદો વિગેરે કાર્યક્રમમાં દરેક મુમુક્ષુએ સવારના સાતથી રાત્રીના દસ પર્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

૧૧૯મી જન્મ-જયંતી ન્યુયોર્ક શહેરમાં (ચાર દિવસની આધ્યાત્મિક શિબિર સાથે) મે ૨૦૦૮ દરમ્યાન ઉજવવાનું જાહેર થયેલ. ૧૨૦, ૧૨૧મી જન્મ-જયંતી માટે આગોતરા આમંત્રણો પ્રાપ્ત થયેલ છે. વધુ માહિતી માટે આ સંસ્થાના પ્રમુખ હસમુખલાલ મગનલાલ શાહનો સંપર્ક કરવો.

Email : HASMUKH 33@YAHOO.Com અથવા

KAHANGURU@G MAIL.Com

Phone : 727-934-3255

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપ છે તે શુભાશુભભાવરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત–અપ્રમત્તરૂપે નથી. કેમ કે શુભાશુભરૂપે થાય તો પ્રમત્ત થાય અને પ્રમત્તનો અભાવ થાય તો અપ્રમત્ત થાય પણ જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત–અપ્રમત્તરૂપ નથી. શુભાશુભભાવ તે પર્યાયમાં છે ખરા પણ તે જડ છે. જડ એટલે રૂપી પુદ્‌ગલ નહીં પણ અજાગૃત હોવાથી જડ છે. ચૈતન્ય ઝળહળ જ્યોતિરૂપ જે જ્ઞાયકભાવ છે તે કદી પુણ્ય-પાપરૂપે થયો નથી તેથી આત્માનો અનુભવ કરતા તે ટળી જશે. પુણ્ય-પાપ ભાવનું લક્ષ છોડી અમે શુદ્ધાત્માનો અનુભવ કરીએ છીએ એમ તું પણ પુણ્ય-પાપભાવનું લક્ષ છોડી દે તો તું પણ જ્ઞાયકભાવનો અનુભવ કરી શકીશ, તને પણ પર્યાયમાં આનંદનું વેદન આવશે. પુણ્ય-પાપભાવ ચૈતન્યની સત્તામાં અભાવરૂપ છે તેથી જ્ઞાયકભાવ જડભાવરૂપ કદી થયો નથી. શુભાશુભભાવે જ્ઞાયકભાવ કદી પરિણમતો નથી. શુભાશુભરૂપે તું કદી થયો નથી, તેથી તેનું લક્ષ છોડતાં શુદ્ધાત્માનો અનુભવ કરી શકીશ. ૪૧૧.

❀ ગુરુ કહે છે કે ભાઈ! ધીરો પડ. દ્રવ્યદૃષ્ટિનો વિષય એવું જે આત્મદ્રવ્ય તેને સમ્યક્‌પણે સમજવા માટે જ આચાર્યદેવે નયનો અધિકાર લખ્યો છે. પ્રમાણજ્ઞાનનો વિષય એવો જે દ્રવ્ય–ગુણ–પર્યાય સહિતનો આત્મા, તેના યથાર્થ જ્ઞાન વિના શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યસામાન્યનું અવલંબન શી રીતે લઈશ? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ છે, પરંતુ યોગ્યતારૂપ અનંત ધર્મો છે એ જાણીને ત્રિકાળી વસ્તુસ્વભાવને મુખ્ય કરી તેનું અવલંબન લેવું તે નયોના કથનનું પ્રયોજન છે. ૪૧૨.

❀ મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા, સેવક થયા નિશ્ચિંતા; અરે! મા-બાપના ખોળે બાળક બેઠું હોય એને પણ ચિંતા ન થાય તો ભગવાનને ખોળે બેઠો એને ભવ હોય? ઈ બને જ નહીં. જેને ભગવાન બેઠા અને હું પણ ભગવાન છું એમ પ્રતીતિ આવી તેને ભવ હોય જ નહિ. ૪૧૩.

❀ સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે. ૪૧૪.

આત્મધર્મ
જૂન-૨૦૦૭
અંક-૧૦ * વર્ષ-૧

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## અકર્તાપણું આવવું એ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે

**શ્રોતા :**—ક્રમબદ્ધમાં કરવાનું શું આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :**—કરવું છે ક્યાં? કરવામાં કર્તૃત્વબુદ્ધિ આવે છે. કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીત થઈ. ક્રમબદ્ધની પ્રતીતમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી? પણ જ્ઞાન કરું એ પણ બુદ્ધિ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગ કરવો છે, રાગને અટકાવવો છે, તેને આ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662